# RAF SECTOR

## NEWS CLIP

18/02/20

**TO SERVE HUMANITY WITH SENSITIVE POLICING**

**Dhabkar, Surat (GJ)**



શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા આરએએફને તૈનાત કરાઈ છે. આરએએફના જવાનોએ સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે ઉધના, પાંડેસરા, અઠવા સહિતના કેટલાક વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરી હતી. આરએએફ ૨૦મી સુધી તૈનાત રહેશે. (તસવીર : ડિમ્પલ બંગડીવાલા)

# એલઆરડીની બેઠકોમાં વધારો કરવા છતાં બન્ને પક્ષોને અસંતોષ

## બેઠકો વધારવાની, જૂના પરિપત્રને ધ્યાનમાં નહીં લેવાની અને ૬૨.૫ ટકા મેળવનારની ભરતી કરવાની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની જાહેરાત પછી પણ બન્ને પક્ષો દ્વારા અસંતોષ વ્યક્ત કરાયો

**અમદાવાદ,તા. ૧૬**

અનામતના મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકાર તરફથી ફોર્મ્યુલા તૈયાર કરીને રજૂ કરી હોવા છતાં બિનઅનામત વર્ગ અને અનામત વર્ગ તરફથી હાલ આંદોલન જારી રાખવાના સંકેત આપ્યા છે. મોડી સાંજે સરકારે બેઠકોમાં વધારો કર્યો હોવા છતાં બંને વર્ગો સંતુષ્ટ દેખાયા ન હતા. એલઆરડીની ભરતીમાં પહેલી ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવ મામલે અનામત અને બિનઅનામત વર્ગ દ્વારા ચાલી રહેલા આંદોલન વચ્ચે આજે ગુજરાત સરકારે સાનુકુળ ઉકેલ શોધી કાઢવાનો પ્રયાસ કર્યો હતો જેના ભાગરૂપે આજે રવિવારના દિવસે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના આવાસ [illegible] બેઠક યોજાઈ હતી. લાંબી અને વિસ્તૃત બેઠક યોજાયા બાદ ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો હતો જેના ભાગરુપે સરકારે એવો નિર્ણય લીધો છે કે, પહેલી ઓગસ્ટ ૨૦૧૮ના પરિપત્રને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. એલઆરડીની ભરતીની બેઠકોમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બેઠક બાદ પરિપત્ર રદ કરવા મામલે અનામત વર્ગના આગેવાનો સાથે બેઠક યોજવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકાર પરિષદ યોજીને મોડેથી વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, જુના પરિપત્રને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જે ઉમેદવારે ૬૨.૫ ટકા માર્ક મેળવ્યા છે તેમની ભરતી કરવામાં આવશે. બક્ષીપંચની બહેનોની ૧૮૩૪ના બદલે ૩૨૪૮ની ભરતી કરવામાં આવશે. આવી જ રીતે જનરલ કેટેગરીના ૮૮૩ અને એસટીના ૪૭૬ના બદલે ૫૧૧ ઉમેદવારની ભરતી કરવામાં આવશે. નીતિન પટેલ દ્વારા આજે મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. એલઆરડીની પહેલા ૯૭૧૩ બેઠકોમાં મહિલાની ૩૦૭૭ બેઠકો હતી જેમાં સરકારે ૨૧૫૦ બેઠકોનો વધારો કરીને ૫૨૨૭ બેઠકો કરી છે. છેલ્લા પાંચ દિવસ બિનઅનામત વર્ગની સેંકડો મહિલાઓએ આંદોલન શરૂ કર્યા હતા. બીજી બાજુ બિનઅનામત વર્ગ તરફથી સરકારની ફોર્મ્યુલાને લઈને આજે મોડી સાંજે પ્રતિક્રિયા આપવામાં આવી હતી જેના ભાગરુપે બિનઅનામત વર્ગ તરફથી દિનેશ બાંભણિયાએ નિવેદન કરતા મોડી સાંજે કહ્યું હતું કે, નફા-નુકસાનને લઈને હજુ ગણતરી કરવામાં આવશે. સંબંધિતો સાથે અને સમાજના અન્યો સાથે વાતચીત કરીને જ કોઈ નિર્ણય લેવામાં આવશે. બીજી બાજુ અનામત વર્ગ તરફથી પણ મક્કમ વલણ અપનાવીને કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી પરિપત્ર રદ કરવામાં આવસે નહીં ત્યાં સુધી આંદોલન જારી રહેશે. આનો મતલબ એ થયો કે, સરકાર દ્વારા વિવાદનો ઉકેલ લાવવા ફોર્મ્યુલા રજૂ કરી હોવા છતાં બને વર્ગના પ્રતિનિધિઓ હજુ સુધી આંદોલન જારી રાખવાના મૂડમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત મુખ્યમંત્રીના નિવાસસ્થાને બેઠકોનો દોર ચાલી રહ્યો હતો. બિન અનામત વર્ગની માંગણીઓ મામલે તેમના આગેવાનો અને સરકાર વચ્ચે બેઠક યોજાયા બાદ તેના અનુસંધાનમાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને

અનુ. પાના ૭ પર

**નવી ભરતીની સંખ્યા**

| સમુદાય | ભરતીની બેઠકો |
|---|---|
| જનરલ કેટેગરી | ૮૮૩ |
| બક્ષીપંચ | ૩૨૪૮ (૧૮૩૪) |
| એસટી | ૫૧૧ (૪૭૬) |

**FAM.EX C/OUT BY C/100 U/PS MAHIDHAPURA AND SALSBATPURA , SURAT GUJRAT**

**Velugu , Nalgonda(TS)**



# ప్రత్యేక బలగాలతో కవాతు

దేవరకొండ(కొండమల్లేపల్లి), వెలుగు: శాంతి భద్రతల కోసం ప్రత్యేక బలగాలతో కవాతు నిర్వహించినట్లు దేవరకొండ డీఎస్పీ ఆనంద్‌రెడ్డి తెలిపారు. సోమవారం దేవరకొండలోని పాతబజార్ ప్రధాన రహదారులలో ర్యాపిడ్ యాక్షన్ ఫోర్స్ తో ప్రజలకు శాంతిభద్రతలపై అవగాహన కల్పించినట్లు వివరించారు. ఈ కార్యక్రమంలో అసిస్టెంట్ కమాండెంట్ సంతోశ్‌కుమార్, ఇన్‌స్పెక్టర్ ఆదిరెడ్డి, సీకేరెడ్డి, 150మంది ఆర్‌ఏఎఫ్ సిబ్బంది పాల్గొన్నారు.

A/99 C/OUT FLAG MARCH IN THE AREA OF DEVARKONDA PS DURING FAMEX NALGONDA(TS)

# Photos of Deployment/ Fam-Ex Of RAF










सी0आर0पी0एफ0 सदा अजेय, भारत माता की जय।